**પ્રધાનમંત્રીની જાપાન અને ચીનની મુલાકાત (29 ઑગસ્ટ - 01 સપ્ટેમ્બર, 2025)**

22 ઑગસ્ટ, 2025

જાપાનના પ્રધાનમંત્રી મહામહિમ શિગેરુ ઇશિબાના આમંત્રણ પર, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 15મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા માટે 29-30 ઑગષ્ટ 2025 દરમિયાન જાપાનની મુલાકાત લેશે. આ પ્રધાનમંત્રી મોદીની જાપાનની આઠમી મુલાકાત હશે, અને પ્રધાનમંત્રી ઇશિબા સાથેની તેમનું પહેલું શિખર સંમેલન હશે.

2. આ મુલાકાત દરમિયાન, બંને પ્રધાનમંત્રીઓ ભારત અને જાપાન વચ્ચેની ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા કરશે, જેમાં સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને અર્થતંત્ર, ટેકનોલોજી અને નવીનતા, અને લોકોથી લોકોના પરસ્પર આદાનપ્રદાનનો સમાવેશ થાય છે, તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલતા મિત્રતાના ખાસ બંધનને ફરીથી સ્થાપિત કરશે.

3. ચીનના રાષ્ટ્રપતિ મહામહિમ શી જિનપિંગના આમંત્રણ પર, પ્રધાનમંત્રી તેમની મુલાકાતના બીજા તબક્કામાં 31 ઑગસ્ટથી 1 સપ્ટેમ્બર 2025 દરમિયાન ચીનની યાત્રા કરશે અને તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) સમિટમાં ભાગ લેશે. સમિટની સાથે-સાથે, પ્રધાનમંત્રી સમિટમાં હાજરી આપનારા ઘણા નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરે તેવી અપેક્ષા છે.

4. ભારત 2017 થી SCO નું સભ્ય છે. તેણે 2022-23 દરમિયાન SCO ના રાષ્ટ્ર પ્રમુખોની પરિષદની અધ્યક્ષતા કરી હતી.

નવી દિલ્લી

22 ઑગસ્ટ, 2025